


શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ સુદ છઠ, શુક્રવાર ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૫૪

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦


### અરુણાચલ પર ચીનનો દાવો તેના મુખ્ય હિતમાં સામેલ : અમેરિકન અહેવાલ

# અરૂણાચલ સંબંધે USએ ભારતને ચેતવતા ચીન ભડક્યું

**અમેરિકી** સંસદને રજૂ કરાયેલા પેન્ટાગોનના અહેવાલમાં કહેવાયું કે તાઇવાનની સાથે અરૂણાચલને પણ ચીને હવે મહત્વના હિતોમાં સામેલ કર્યું છે

**ચીને** પેન્ટાગોનના આ અહેવાલ ફગાવતા કહ્યું કે તે ચીન-ભારત સંબંધો બગાડવાનો પ્રયાસ છે

**વૉશિંગ્ટન, બૈજિંગ, તા. 25:** ભારત અને ચીન પૂર્વી લદ્દાખમાં અંકુશ હરોળ પર વર્ષોથી ચાલી રહેલા સરહદી અવરોધનો અંત લાવી ચૂક્યા છે, પરંતુ આગામી વર્ષોમાં બીજો એક વિવાદ શરૂ થઈ શકે છે. તાજેતરના અમેરિકી લશ્કરી વડામથક પેન્ટાગોનના અહેવાલ મુજબ, ચીને તાઈવાનની સાથે તેના મુખ્ય હિતોમાં અરુણાચલ પ્રદેશ પરના પોતાના દાવાને પણ સામેલ કર્યો છે. તે સૂચવે છે કે આ ઉત્તરપૂર્વીય રાજ્ય નવી દિલ્હી-બેઈજિંગ સંબંધોમાં મુખ્ય તણાવ બિંદુ તરીકે ઉભરી શકે છે.

અમેરિકી કોંગ્રેસને સુપરત કરાયેલા અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે દક્ષિણ ચીન સમુદ્રમાં અરુણાચલ, તાઈવાન અને અન્ય પ્રાદેશિક અને દરિયાઈ દાવાઓ પર ચીનના દાવાઓ 2049 સુધીમાં મહાન કાયાકલ્પ પ્રાપ્ત કરવા માટે ચાવીરૂપ હતા. મહાન કાયાકલ્પ યોજનાના ભાગ રૂપે, ચીન ઉચ્ચ વૈશ્વિક સ્તરે કાર્ય કરવાનો અને લડાઈ અને જીત કામગીરી કરવા સક્ષમ વિશ્વ-સ્તરીય સૈન્ય તૈયાર કરવાનું લક્ષ્ય રાખે છે એમ અહેવાલમાં જણાવાયું છે. જ્યારે કે ભારતે હંમેશા એવું વલણ જાળવી રાખ્યું છે કે અરુણાચલ હંમેશા દેશનો અભિન્ન ભાગ હતો, છે અને રહેશે.

ગયા વર્ષે, ભારત અને ચીન પૂર્વી લદ્દાખમાં LAC પર સૈનિકોને છૂટા પાડવા માટે એક કરાર પર પહોંચ્યા હતા. જોકે, મહિનાઓ સુધી શાંતિ રહ્યા પછી, તાજેતરમાં અરુણાચલ પ્રદેશ પર તણાવ ઉભો થયો છે. ગયા મહિને, લંડનથી જાપાન જઈ રહેલી પ્રેમા થોંગડોક નામની એક ભારતીય નાગરિકને શાંઘાઈમાં તેના રોકાણ દરમિયાન 18 કલાક માટે અટકાયતમાં રાખવામાં આવી હતી. થોંગડોકે કહ્યું કે ચીની અધિકારીઓએ દાવો કર્યો હતો કે તેનો પાસપોર્ટ અમાન્ય છે કારણ કે તેમાં તેનું જન્મસ્થળ અરુણાચલ પ્રદેશ દર્શાવવામાં આવ્યું હતું. તેણીને ખોરાક અને અન્ય એરપોર્ટ સુવિધાઓનો પણ ઈનકાર કરવામાં આવ્યો હતો. યુકેમાંના એક મિત્ર દ્વારા શાંઘાઈમાં ભારતીય કોન્સ્યુલેટનો સંપર્ક કર્યા પછી તેણી આખરે તેની

...અનુસંધાન પાના 6 પર




ગુજરાતમિત્રના આજના અંક સાથે વિદાય લઇ રહેલા વર્ષ 2025ની રમતગમત ક્ષેત્રની યાદગાર મહત્ત્વની ઘટનાઓની વિશેષ પૂર્તિ રિવાઇન્ડ2025 સામેલ છે.


**દેશમાં નવેમ્બરના અંત સુધીમાં પેટ્રોલ પંપનો આંકડો 100,266 પર પહોંચી, 2015થી બમણી સંખ્યા થઇ**

## ભારતમાં પેટ્રોલ પંપનો આંકડો એક લાખને પાર

**વિશ્વમાં** સર્વાધિક પેટ્રોલ પંપ ધરાવવા મામલે ભારત અમેરિકા અને ચીન પછી ત્રીજા સ્થાને

**ભારતમાં** 90% થી વધુ પેટ્રોલ પંપ IOC, HPCL અને BPCLની માલિકીના

**રશિયન** રોઝનેફ્ટ સમર્થિત નાયરા 6,921 આઉટલેટ્સ સાથે દેશની સૌથી મોટી ખાનગી ઈંધણ રિટેલર



**નવી દિલ્હી, તા. 25 :** ભારતમાં પેટ્રોલ પંપની સંખ્યા 100,000 ને વટાવી ગઈ છે. નવેમ્બરના અંત સુધીમાં, દેશમાં 100,266 પેટ્રોલ પંપ હતા જે 2015માં હતી તેનાથી બમણી સંખ્યા દર્શાવે છે. આ પંપમાંથી 90% થી વધુ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) જેવી સરકારી માલિકીની કંપનીઓની માલિકીના છે. રશિયાની રોઝનેફ્ટ-સમર્થિત નાયરા એનર્જી લિમિટેડ 6,921 આઉટલેટ્સ સાથે સૌથી મોટી ખાનગી ઈંધણ રિટેલર છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને BP વચ્ચેના સંયુક્ત સાહસમાં 2,114 સ્ટેશન

...અનુસંધાન પાના 6 પર

## કર્ણાટકમાં બસ-ટ્રક ભટકાતા છ જણાં બળીને ભડથું

**પૂર** ઝડપે દોડતી ટ્રક રોડ ડિવાઇડર કૂદાવીને બસ સાથે ભટકાઇ, ડીઝલ ટાંકી ફાટતા બસ આગમાં લપેટાઇ ગઇ

**એક બાળક** સહિત છ જણા માર્યા ગયા, 12 ઇજાગ્રસ્ત, એક સ્કૂલ બસ પણ પાછળથી મુસાફર બસને ભટકાઇને ઉંધી વળી



**રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિતનાએ શોક વ્યક્ત કર્યો, મૃતકોના સ્વજનો માટે રૂ. બે લાખની સહાય**

**નવી દિલ્હી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કર્ણાટકના ચિત્રદુર્ગમાં માર્ગ અકસ્માતમાં થયેલા** ...અનુસંધાન પાના 6 પર

**ચિત્રદુર્ગ (કર્ણાટક), તા. 25 (PTI):** ગુરુવારે વહેલી સવારે કર્ણાટકના ચિત્રદુર્ગ જિલ્લામાં એક લક્ઝરી સ્લીપર બસની સાથે પૂરઝડપે દોડતી એક ટ્રક ભટકાઇ પડતા બસમાં ભારે આગ લાગી ગઇ હતી અને તેમાં છ વ્યક્તિઓનાં મોત થયા હતા. પૂર્વ ઝોનના પોલીસ મહાનિરીક્ષક રવિકાંત ગૌડાએ પ્રાથમિક તપાસનો હવાલો આપતા પહેલા નવ લોકોના મોત થયા હોવાનું જણાવ્યું હતું, પરંતુ બાદમાં તેમણે

...અનુસંધાન પાના 6 પર

## કલમ ૩૭૦ની દિવાલ તોડવાની તક મળી તેનું ભાજપને ગૌરવ : મોદી

**વડાપ્રધાને** લખનૌમાં રાષ્ટ્રીય પ્રેરણા સ્થલનું ઉદઘાટન કર્યું, તેમાં વાજપેયી, શ્યામાપ્રસાદ, દીનદયાલ ઉપાધ્યાની ૬૫ ફૂટની કાંસ્ય પ્રતિમાઓ અને કમલ આકારનું વિશાળ સંગ્રહાલય છે



**લખનૌ, તા. 25 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું કે ભાજપને કલમ 370 ની દિવાલ તોડી પાડવાની તક મળવાનો ગર્વ છે અને કોંગ્રેસના વંશવાદી રાજકારણની ટીકા કરી, તેના પર એક પરિવારનું મહિમાગાન કરવાનો આક્ષેપ કર્યો હતો.

ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની 101મી જન્મજયંતિ પર લખનૌમાં રાષ્ટ્ર પ્રેરણા સ્થલનું ઉદ્ઘાટન કર્યા પછી મોદીએ આ વાત કહી હતી. રાષ્ટ્ર પ્રેરણા સ્થલમાં અટલ બિહારી વાજપેયી, શ્યામા પ્રસાદ મુખર્જી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયની 65 ફૂટની કાંસ્ય પ્રતિમાઓ અને 98,000 ચોરસ ફૂટમાં ફેલાયેલું કમળ આકારનું સંગ્રહાલય છે, જેની મોદીએ પાછળથી મુલાકાત લીધી હતી.

ઉદ્ઘાટન પછી એક જાહેર સભાને સંબોધતા મોદીએ કહ્યું, ભાજપને ગર્વ છે કે અમારી સરકારને કલમ 370 ની દિવાલ તોડી પાડવાની તક મળી અને ઉમેર્યું કે ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર દ્વારા બનાવેલા સુશાસનના વારસાને હવે કેન્દ્ર અને રાજ્ય બંને સ્તરે નવી ઊંચાઈઓ પર લઈ જવામાં આવી રહ્યો છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે સ્વતંત્રતા પછી, દરેક સકારાત્મક સિદ્ધિનો શ્રેય એક જ પરિવારને આપવાની વૃત્તિ કેવી રીતે વિકસતી ગઈ એમ તેમણે કહ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમની સરકારે પંડિત દીનદયાળ ઉપાધ્યાયના અંત્યોદય વિઝનને પોતાનું મિશન બનાવ્યું હતું જેથી સરકારી યોજનાઓ ભેદભાવ વિના તમામ ગરીબો સુધી પહોંચે. 2014 પહેલા, લગભગ 25 કરોડ લોકો સામાજિક સુરક્ષા યોજનાઓ

...અનુસંધાન પાના 6 પર

**17 વર્ષના દેશવટા પછી બાંગ્લાદેશના વડાપ્રધાનપદના મજબૂત દાવેદારનું આગમન**

## તારીક રહેમાનની 17 વર્ષે બાંગ્લાદેશમાં વાપસી, ભવ્ય સ્વાગત કરાયું

**બીએનપી** કાર્યકરોને સંબોધન કરતા કહ્યું: મારી પાસે એક યોજના છે

**દેશના** લોકોને એક થઇને કાયદો વ્યવસ્થા જાળવવા હાકલ



**ઢાકા, તા. ૨૫ (PTI):** બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના કાર્યકારી અધ્યક્ષ તારીક રહેમાન ૧૭ વર્ષ સુધી સ્વૈચ્છિક દેશવટો ભોગવ્યા બાદ આજે સ્વદેશ પાછા ફર્યા હતા જેમનું તેમના ચાહકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમનું આગમન બાંગ્લાદેશમાં ૧૨ ફેબ્રુઆરીએ યોજાનાર સંસદીય ચૂંટણી પહેલા તેમના પક્ષના કાર્યકરોમાં ઉર્જાનો સંચાર કરી શકે છે. ૬૦ વર્ષીય રહેમાન બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન બેગલ ખાલેદા ઝિયાના પુત્ર છે. શેખ હસીનાના કટ્ટર હરીફ રહી ચુકેલા ખાલેદા ઝિયા હાલ સખત બિમાર

...અનુસંધાન પાના 6 પર

**ઉન્નાવ બળાત્કાર કેસ**

## સેંગરની સજા સસ્પેન્ડ કરવા સામે સુપ્રીમમાં અરજી દાખલ

**બે મહિલા** વકીલોએ દાખલ કરેલી અરજીમાં હાઈકોર્ટના આદેશ પર સ્ટે મૂકવાની માગ થઇ

**નવી દિલ્હી, તા. 25 (PTI) :** 2017ના ઉન્નાવ બળાત્કાર કેસમાં હાંકી કાઢવામાં આવેલા ભાજપ નેતા કુલદીપ સિંહ સેંગરની જેલની સજા સસ્પેન્ડ કરવાના દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે.

એડવોકેટ્સ અંજલિ પટેલ અને પૂજા શિલ્પકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં હાઈકોર્ટના આદેશ પર સ્ટે મૂકવાની માંગ કરવામાં આવી છે. વકીલોએ દલીલ કરી હતી કે, હાઈકોર્ટે એ વાત પર વિચાર કર્યા વિના આદેશ પસાર આપ્યો હતો કે, ટ્રાયલ કોર્ટે કહ્યું હતું કે સેંગરે તેના બાકીનું જીવનમાં જ જેલમાં જ વિતાવવી પડશે.વકીલે જણાવ્યું હતું કે, સેંગરને તેના ગંભીર ગુનાહિત ભૂતકાળ અને બળાત્કારના જઘન્ય ગુનાઓમાં તેની સ્થાપિત સંડોવણી હોવા છતાં જામીન/ સજા સસ્પેન્ડ કરવામાં હાઈકોર્ટે કાયદામાં તેમજ તથ્યોમાં ગંભીર ભૂલ કરી છે.

...અનુસંધાન પાના 6 પર

## ખરાબ હવામાનને કારણે ઈન્ડિગોએ દેશમાં 67 ફ્લાઈટ્સ રદ કરી

**દેશના** વિવિધ એરપોર્ટ પર ખરાબ હવામાનને કારણે ઓપરેશનલ સમસ્યાઓને પગલે આ ફ્લાઇટ રદ કરવામાં આવી

**મુંબઈ, તા. 25 (PTI) :** એરલાઈનની વેબસાઈટ અનુસાર, ઘરેલું કેરિયર ઈન્ડિગોએ ગુરુવારે અનુમાનિત ખરાબ હવામાન અને ઓપરેશનલ કારણોસર અનેક એરપોર્ટ પરથી 67 ફ્લાઈટ્સ રદ કરી હતી. વેબસાઈટ અનુસાર, રદ કરાયેલી 67 ફ્લાઈટ્સમાંથી ફક્ત ચાર ઓપરેશનલ કારણોસર હતી અને બાકીની અગરતલા, ચંદીગઢ, દેહરાદૂન, વારાણસી, બેંગલુરુ સહિત વિવિધ એરપોર્ટ પર અનુમાનિત ખરાબ હવામાનને કારણે હતી. ઉડ્ડયન નિયમનકાર ડીજીસીએએ આ શિયાળામાં આગામી વર્ષે 10 ડિસેમ્બરથી 10 ફેબ્રુઆરી વચ્ચેના સમયગાળાને સત્તાવાર ધુમ્મસની અવધિ જાહેર કરી છે. ડીજીસીએ ફોગ ઓપરેશન્સ (સીએટી-IIIબી) ધોરણોના ભાગ રૂપે એરલાઈન્સને ફરજિયાતપણે એવા પાઈલટ્સને ડ્યુટી પર રાખવાના હોય છે જેમને ઓછી દૃશ્યતાવાળી સ્થિતિમાં સંચાલન કરવા માટે તાલીમ

...અનુસંધાન પાના 6 પર

## બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ વ્યક્તિની ટોળાએ માર મારીને હત્યા કરી નાંખી

**બાંગ્લાદેશની** પોલીસે આ હત્યાને ખંડણીના પ્રયાસ સાથે જોડી દીધી

**ઢાકા, તા. 25 :** બાંગ્લાદેશના રાજબારી જિલ્લામાં બુધવારે મોડી રાત્રે લોકોના ટોળાએ ખંડણીના આરોપી એક હિન્દુ વ્યક્તિની માર મારી-મારીને હત્યા કરી નાખી હતી. આ ઘટના 27 વર્ષીય દીપુ ચંદ્ર દાસની ખરાઈ ન કરાયેલા ઈશનિંદાના દાવાઓને કારણે માર મારી-મારીને હત્યા કર્યાના થોડા દિવસો પછી બની છે.

બુધવારે રાત્રે લગભગ 11 વાગ્યે ટોળાએ હુમલો કર્યો હતો. પીડિતની ઓળખ 30 વર્ષીય અમૃત મંડલ તરીકે થઈ હતી, જે સમ્રાટ તરીકે પણ ઓળખાતો હતો, જે તે જ ગામનો રહેવાસી હતો. ધ ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, પોલીસને તે ગંભીર હાલતમાં મળી આવ્યો હતો અને તેને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ

...અનુસંધાન પાના 6 પર

| તા. ૨૫-૧૨-૨૦૨૫નું સુરત શહેરનું હવામાન | | |
|---|---|---|
| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| ૩૨.૮° સે. | ૧૮.૨° સે. | ૩૯% |

## ઓડિશામાં ટોચના નક્સલવાદી નેતા ગણેશ ઉઈકે સહિત છ ઠાર

**ભુવનેશ્વર, તા. 25 (PTI) :** ઓડિશાના કંધમાલ જિલ્લામાં સુરક્ષા દળો સાથેના ગોળીબારમાં માર્યા ગયેલા છ લાલ બળવાખોરોમાં ટોચના માઓવાદી નેતા ગણેશ ઉઈકેનો પણ સમાવેશ થાય છે. એમ પોલીસે ગુરુવારે જણાવ્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેને મોટી સફળતા ગણાવી હતી, જ્યારે મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ તેને નક્સલમુક્ત ભારત બનાવવાની દિશામાં એક નોંધપાત્ર સફળતા ગણાવી હતી. રાજ્યમાં નક્સલ વિરોધી કામગીરીનું નેતૃત્વ કરતા એડીજી રેન્કના અધિકારી સંજીબ પાંડાએ જણાવ્યું હતું કે, સીપીઆઈ (માઓવાદી) કેન્દ્રીય સમિતિના સભ્ય ઉઈકે, જેમના માથા પર 1.1 કરોડ રૂપિયાનું ઈનામ હતું, તે ઓડિશામાં પ્રતિબંધિત સંગઠનનો પ્રમુખ હતો.

...અનુસંધાન પાના 6 પર